# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

## ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

**કેસ નં. ૫૨૦/૨૦૧૫** **ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /**

તા. /૦૮/૨૦૧૬

**વાદીઃ-**

**ચાવડા સુધાંશુભાઇ ઉપેન્દ્રભાઇ,**

રહે. ૪૩, શ્રીરામ સોસાયટી, સરદારનગર,

ભાવનગર, જિ. ભાવનગર

**પ્રતિવાદી –**

**નિયામકશ્રી,**

**રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,**

બ્લોક નં. ૧ જુના સચિવાલય, ગાંધીનગર

વિષયઃ- ઔધોગિક તાલીમ સંસ્થામાં સુપરવાઇઝર /ઈન્સ્ટ્રકટર વર્ગ-૩ ની નોકરીમાં સમાવવા બાબત.

શ્રી સુધાંશુ ઉપેન્દ્રભાઇ ચાવડા

૧. શ્રી ચાવડા સુંધાશુ ઉપેન્દ્રભાઇ, રહે. ૪૩ શ્રીરામ સોસાયટી સરદાર નગર, ભાવનગર ધ્વારા તેઓની તા.૨૮/૧૨/૨૦૧૪ ની અરજીથી રજૂઆત કરેલ છે કે, તેઓ ૫૦ ટકા સી.પી. વિકલાંગ છે તેઓ જરૂરી તમામ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા છતાં તેઓને ઔધોગિક તાલીમ સંસ્થા ધ્વારા સુપરવાઈઝર / ઈન્સ્ટ્રકટર વર્ગ-૩ ની જગ્યા ઉપર તેઓને વિકલાંગ હોવાના કારણે નિયામકશ્રી રોજગાર અને તાલીમ ધ્વારા નિમણુંક નહી આપી અન્યાય કરવામાં આવેલ છે.

૨ શ્રી ચાવડાની રજૂઆતને ભારતીય વિકલાંગ ધારાની કલમ - ૬૧ અને ૬૨ અન્વયે કેસ નં.૫૨૦/ ૨૦૧૫ તરીકે નોંધણી કરી કચેરીના તા.૧૭/૦૧/૨૦૧૫ના પત્રથી નિયામકશ્રી, રોજગાર અને તાલીમને જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ.

૩. ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હસ્તકના મુખ્ય વિકલાંગ કમિશનરશ્રી ની કચેરીના નાયબ મુખ્ય કમિશનરશ્રી ધ્વારા તા.૩/૩/૨૦૧૫ના પત્ર સાથે શ્રી ચાવડાની તા.૨૭/૦૩/૨૦૧૫ ની અરજી મોકલી ઉપરોકત બાબતે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. શ્રીચાવડાની રજૂઆતને કચેરીમાં કેસનં. ૫૨૦/૨૦૧૫ તરીકે નોંધણી કરી ભારતીય વિકલાંગ ધારા, ૧૯૯૫ અન્વયે પ્રસ્તુત કેસની સુનાવણી તા.૩૦/૦૬/ ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ.

૪. સુનાવણી દરમ્યાન શ્રી સુધાંશુભાઇ ચાવડા ધ્વારા રજૂઆત કરવામાં આવેલ કે, નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરીની વિવિધ ખાલી જગ્યાઓ માટે આપવામાં આવેલ જાહેરાત અન્વયે તેઓએ સુપરવાઈઝર કમ ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની જગ્યા ફોર્મ ભરેલ પ્રસ્તુત સંવર્ગની ૫૪૭ જગ્યાઓ પૈકી –૧૫ જગ્યાઓ વિકલાંગ વ્યકિતઓ માટે અનામત રાખવામાં આવેલ તેઓ સદરહુ જાહેરાત અન્વયે નિયમોનુસાર પસંદગી પામેલ અને નિયામકશ્રી તાલીમ રોજગારના તા.૨૧/૧૧/૨૦૧૧ના આદેશ ક્રમાંકઃ કમ/વ-૩(૧)/૨૦૧૧/ ૧૮૬૬૧ થી ૨૧૧૩૭ થી તેઓને સુપરવાઈઝર કમ ઇન્સ્ટ્રકટર તરીકે Computer Group માં નિમણુંક આપતા હુકમો કરવામાં આવેલ ત્યાર બાદ તા.૨૬/૧૧/૨૦૧૧ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સ્થળ પસંદગી સમિતિ ધ્વારા તેઓને રૂબરૂ બોલાવવામાં આવેલ. સ્થળ પસંદગી સમિતિએ તેઓની શારીરિક ક્ષમતા જોઇને તેઓની આ જગ્યા માટેની ઉમેદવારી રદ કરેલ. પરંતુ ભવિષ્યમાં નોન ટીચીંગ–કેલેરીકલ –કમ્પ્યુટર ઓપરેટર ની જગ્યા બહાર પડશે તો તે જગ્યા પર લેવામાં આવશે તેમ જણાવવામાં આવેલ. પરંતુ આજ દિન સુધી તેઓને આ જગ્યા પર સમાવી લેવામાં આવ્યા નથી. સુપરવાઈઝર કમ ઈન્સ્ટ્રકટર વર્ગ-૩ની જગ્યા માટે નિયમોનુસારની

તમામ શૈક્ષણિક લાયકાત તેઓ ધરાવે છે. આમ છતાં તેઓને ઇરાદાપૂર્વક અન્યાય કરી નિમણુંક આપવામાં આવેલ નથી.

૫. નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી ધ્વારા તેઓના પ્રતિનિધિના અધિકારીએ રૂબરુમાં સુનાવણી દરમ્યાન ઉપસ્થિત થઇ જણાવેલ કે, શ્રી સુધાંશુ ચાવડાને તા.૨૬/૧૧/૨૦૧૪ ના રોજ રોજગાર પત્ર એનાયત કરવામાં આવેલ ત્યાર બાદ પસંદ થયેલ તમામ અરજદારોને સ્થળ પસંદગી પર નિમણુંક આદેશ આપવા માટે રૂબરુ બોલાવવામાં આવેલ તે સમયે પસંદગી સમિતિ સમક્ષ શ્રી ચાવડા બોલી કે લખી શકતા પણ ન હતાં આ જગ્યા તાલીમાર્થીને તાલીમ આપવાની હોવાથી તાલીમાર્થીઓ સમજી શકે તે રીતે સ્પષ્ટ રીતે બોલવુ અને લખવું જરૂરી છતાં પસંદગી સમિતિ સમક્ષ શ્રી ચાવડા બોલી કે લખી શકતા ન હતાં જેના કારણે સ્થળ પસંદગી સમિતી ધ્વારા તેઓને નિમણુંકનો આદેશ આપવામાં આવેલ નથી. પસંદગી સમિતીની બેઠક ધ્વારા આ જગ્યાની ફરજો તેઓની અપંગતાને ધ્યાને લઇ તેઓને લાયક ગણવામાં આવેલ નથી તેમ જણાવવામાં આવેલ. ત્યારબાદ આ અંગેની જાણ શ્રી ચાવડાને રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી ધ્વારા તા.૨૬/૧૧/૨૦૧૪, તા.૧૯/૦૨/૨૦૧૫ અને તા.૨૮/૪/૨૦૧ ૫ના પત્રોથી કરવામાં આવેલ છે. નિયામકશ્રીના તા.૨૮/૦૪/૨૦૧૫ ના પત્રથી શ્રી ચાવડાને તેમની નિમણુંકના આદેશ રદ કરવામાં આવેલ હોવાનું પણ જણાવવામાં આવેલ.

૬. આ કેસની તા.૩૦/૦૭/૨૦૧૫ ના રોજની મુદતમાં નિયામકશ્રીએ કોમ્પ્યુટર ઇન્સ્ટ્રકટરની જગ્યા વિકલાંગતાની કઇ કેટેગરીના ઉમેદવારથી ભરવાની છે તથા વિકલાંગ ઉમેદવારની આ જગ્યા ભરવામાંથી મુકિત મેળવવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની વિગતો મોકલી આપવા નિયામકશ્રીના પ્રતિનિધિને જણાવવામાં આવેલ. આમ છતાં માહિતી નહી મળતા કચેરીના તા.૧૯/૨/૨૦૧૬ ના પત્રથી ઉકત વિગતો મોકલી આપવા જણાવવામાં આવેલ.આમ છતાં નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરીતા.૮/૩/૨૦૧૬ ના પત્રથી તે સિવાયની વિગતો આપી જણાવવામાં આવેલ કે, સુપરવાઈઝર ઇન્સ્ટ્રકટર

વર્ગ-૩ની ૧૬ ગ્રૂપની જગ્યાઓની  સીધી ભરતી માટે ઓનલાઇન અરજીઓ માટે વર્ષ ૨૦૧૧માં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. કોમ્પ્યુટર ગ્રૂપની ૫૪૭ જગ્યાઓ પૈકી ૩ ટકા મુજબ ૧૬ જગ્યાઓ અપંગ ઉમેદવારથી ભરવાની જાહેરાતમાં દર્શાવેલ શ્રી સુધાંશુ ચાવડાએ અપંગ ઉમેદવાર તરીકે ઓનલાઇન અરજી કરેલ જે મુજબ ઓનલાઇન અરજી કરનાર તમામ ઉમેદવારની ઓ.એમ.આર. ટેસ્ટ યોજાવવામાં આવેલ. આ ટેસ્ટના માર્કસના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવેલ. મેરીટ યાદી મુજબના તમામ ઉમેદવારોને સ્થળ પસંદગી અને નિમણુંક આદેશ આપવામાં માટે પસંદગી સમિતિ સમક્ષ તા.૨૬/૧૧/૨૦૧૧ ના રોજ બોલાવવામાં આવેલ તે સમયે  શ્રી ચાવડા સ્પસ્ટ રીતે બોલી કે લખી શકતા ન હતાં, જેના કારણે સ્થળ પસંદગી સમિતિ ધ્વારા પસ્તુત જગ્યાની ફરજો અને શ્રી ચાવડાની અપંગતાને ધ્યાને લઇ શ્રી ચાવડાને સદરહુ જગ્યા માટે લાયક નહી ગણવા ભલામણ કરી નિમણુંક આદેશ રદ કરવામાં આવે છે. જે ધ્યાને લઇ આ કેસ દફતરે કરવા તેઓએ  વિનંતી કરેલ.

૭. પુનઃ તા.૩૦/૭/૨૦૧૬ના રોજ યોજાયેલ સુનાવણી દરમયાન શ્રી ચાવડાએ નિમણુંક હુકમ આપવા રજૂઆત કરેલ. જેની સામે મદદનીશ નિયામકશ્રી, મોડીયાંએ ઉપસ્થિત થઇ જણાવેલ કે ,પ્રસ્તુત જગ્યાની કામગીરી આઇ.ટી.આઇ.ના વર્ગ ખંડમાં વિધાર્થીઓને બોલીને ભણાવવાની તથા મશીનોની મુલાકાત લેવડાવી તેની સમજ આપવાની છે. આ સંવર્ગની કચેરી કામગીરી પરત્વે કોઇ જગ્યા ન હોઇ તેઓની નિમણુંક આપી શકાય તેમ નથી તથા આ રજૂઆત ખુબ લાંબા સમયના વિલંબ બાદ કરેલ હોઇ, સ્વીકારી શકાય તેમ નથી.

૮. શ્રી ચાવડાની રજૂઆત અને નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી ધ્વારા રૂબરુ અને લેખિતમાં આ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ વિગતો ધ્યાને લઇ પ્રસ્તુત કેસમાં  હું નીચેના તારણ પર આવું છું.

## <u>તારણ</u>

૯.  કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકટર , વર્ગ-૩ ના ગ્રૃપની જગ્યા પર નિમણુંક મેળવતા ઉમેદવારે તાલીમાર્થીઓને તાલીમ આપવાની હોવાથી તાલીમાર્થી સમજી શકે તેમ સ્પષ્ટ રીતે બોલવું અને લખવું જરૂરી છે. શ્રી ચાવડા પસંદગી સમિતિ સમક્ષ સ્પષ્ટ રીતે બોલી કે લખી શકયા નથી જેના કારણે તેઓની નિમણુંકના આદેશ રોજગાર અને તાલીમ ધ્વારા રદ કરવામાં આવેલ છે. શ્રી ચાવડાની રજૂઆત પરત્વે નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી ધ્વારા રજુ થયેલ લેખિત અને મૌખિક જવાબો ધ્યાને લઇ હું નીચે મુજબનો હુકમ કરુ છું.

## <u>હુકમ</u>

કોમ્પ્યુટર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની જગ્યા તાંત્રિક અને તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે સ્પષ્ટ રીતે બોલીને શીખવવા અને સમજાવવાની અને તાંત્રિક પ્રકારની હોઇ શ્રી ચાવડાની રજૂઆતનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉપરોકત વિગતે હું આ કેસનો નિકાલ કરૂં છું.

(સંજય નંદન)
કમિશનર

<u>નકલ રવાનાઃ-</u>

(૧) શ્રી સુધાંશુભાઇ ઉપેન્દ્રભાઇ ચાવડા રહે. ૪૩, શ્રીરામ સોસાયટી, સરદારનગર, ભાવનગર તરફ જાણ સારૂ.

(૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧ જુના સચિવાલય, ગાંધીનગર

(૩) સિલેકટ ફાઇલ